# FPI દ્વારા ડેબ્ટ માર્કેટમાં કુલ ૩,૯૩૫ કરોડ ઠાલવી દેવાયા

મુંબઈ, તા.૧૫

વિદેશી મૂડીરોકાણકારોએ આ મહિનાના પ્રથમ પખવાડિયામાં ભારતીય ડેબ્ટ માર્કેટમાં ૩૯૩૫ કરોડ જંગી રોકાણ કરી દીધું છે. સ્થિર કરન્સી અને અસરકારક બોન્ડ પરિણામના પરિણામ સ્વરુપે વિદેશી મૂડીરોકાણકારોએ ભારતીય ડેબ્ટ માર્કેટમાં જંગી રોકાણ કર્યું છે. ઘરઆંગણેના બજારમાં વ્યાજદરમાં વધારો થવાના પરિણામ સ્વરુપે છેલ્લા બે મહિનામાં ૧૨૭૫૦ કરોડ રૂપિયા પાછા ખેંચી લીધા બાદ ફરીએકવાર ડેબ્ટ માર્કેટમાં નાણાં ઠાલવવામાં આવ્યા છે. ક્રૂડની કિંમતમાં ઉથલપાથલ જોવા મળી રહી છે. બીજી એપ્રિલથી લઈને ૧૩મી એપ્રિલના ગાળામાં એફપીઆઈ દ્વારા ડેબ્ટ માર્કેટમાં ૩૯૩૫ કરોડ અથવા તો ૬૦૫ મિલિયન ડોલરની રકમ ઠાલવવામાં આવી છે. કેન્દ્ર સરકારના સિક્યુરિટીમાં એફપીઆઈ માટે રોકાણ મર્યાદા આરબીઆઈ દ્વારા વધારવામાં આવી છે જેની અસર પણ જોવા મળી રહી છે. છેલ્લા બે મહિનામાં જંગી નાણાની ઉથલપાથલ જોવા મળી રહી છે. છેલ્લા બે મહિના ફેબ્રુઆરી અને માર્ચમાં ૧૨૭૫૦ કરોડ રૂપિયા પાછા ખેંચી લેવામાં આવ્યા બાદ ડેબ્ટ માર્કેટમાં નાણા ઠાલવવામાં આવ્યા છે. આ પહેલા જાન્યુઆરી મહિનામાં એફપીઆઈ દ્વારા ૮૫૦૦ કરોડ રૂપિયા ઠાલવવામાં આવ્યા હતા. એકંદરે પૂર્ણ થયેલા નાણાંકીય વર્ષમાં ૧.૪૫ લાખ કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવ્યું હતું જે ભારતીય મૂડી બજાર ઈક્વિટી અને ડેબ્ટ માટે છેલ્લા ત્રણ વર્ષના ગાળામાં આંકડો સૌથી શ્રેષ્ઠ રહ્યો છે. નવેમ્બર ૧૯૯૨માં બે દશક પહેલા ઈન્ડિયન ઈક્વિટી માર્કેટમાં એફપીઆઈને રોકાણ કરવાની મંજુરી આપવામાં આવ્યા બાદ સૌથી જંગી રોકાણ થયું છે. ડેબ્ટ સિક્યુરીટીમાં સંયુક્ત આંકડો વધીને ૪.૨ લાખ કરોડ સુધી પહોંચ્યો છે. ડેબ્ટ અને ઈક્વિટી બંને માટેનો આંકડો ૧૩ લાખ કરોડની આસપાસનો પહોંચ્યો છે. આવનાર દિવસોમાં એફપીઆઈ રોકાણની દ્રષ્ટિએ ૨૦૧૮-૧૯માં ઈક્વિટી અને ડેબ્ટ મૂડી પ્રવાહમાં ઉતારચઢાવ રહેશે. વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭માં શેરબજારમાં ૫૫૭૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કર્યું જ્યારે આનાથી પહેલાના નાણાંકીય વર્ષમાં વિદેશી રોકાણકારોએ ૧૪૦૦૦ કરોડ થી વધારાની રકમ ઉપાડી લીધી હતી.

## છેલ્લા બે મહિનામાં ૧૨૭૫૦ કરોડ રૂપિયા પાછા ખેંચી લેવાયા બાદ ફરીવાર રોકાણ : કારોબારીઓમાં ઉત્સાહ

ફેબ્રુઆરીમાં ૨.૪૮ ટકાનો ઉછાળો હતો

# WPI ફુગાવાના આંક આજે જારી થશે

મુંબઈ, તા. ૧૫

માર્ચ ૨૦૧૮ માટે હોલસેલ પ્રાઇઝ ઇન્ડેક્સ આધારિત ફુગાવાના આંકડા આવતીકાલે સોમવારના દિવસે જારી કરવામાં આવનાર છે.

ફેબ્રુઆરી ૨૦૧૮માં વાર્ષિક આધાર પર હોલસેલ ફુગાવામાં ૨.૪૮ ટકાનો વધારો થયો હતો. તેના અગાઉના મહિનામાં ૨.૮૪ ટકાનો ફુગાવો વધ્યો હતો. ફેબ્રુઆરી મહિનામાં સતત ત્રીજા મહિનામાં ભારતના વાર્ષિક હોલસેલ પ્રાઇઝ આધારિત ફુગાવામાં નરમ સ્થિતિ જોવા મળી હતી. ગયા વર્ષે નવેમ્બર મહિનામાં ડબલ્યુપીઆઈ ફુગાવો આઠ મહિનાની ઉંચી સપાટીએ પહોંચ્યો હતો.

આ ઉપરાંત રોકાણકારો પણ ચાવીરુપરિબળો રહી શકે છે. શુક્રવારના દિવસે ટ્રેડ ડેફિસિટના આંકડા જારી કરવામાં આવ્યા હતા. ટ્રેડ ડેફિસિટનો આંકડો આયાતમાં વધારો થવાના કારણે પાંચ વર્ષની ઉંચી સપાટીએ પહોંચ્યો છે. માર્ચ મહિનામાં નિકાસમાં એક ટકાનો ઘટાડો થયો છે. નિકાસનો આંકડો વધીને ૨૯.૧ અબજ ડોલર સુધી પહોંચી ગયો છે જે અગાઉ એક વર્ષ અગાઉ પહેલા ૨૯.૩ અબજ ડોલરનો આંકડો હતો. ઈન્ફોસીસના શેર લાઈમલાઈટમાં રહ્યા છે. કારણ કે, માર્ચ ત્રિમાસિક ગાળાના પરિણામ શુક્રવારે આવ્યા હતા.

## સતત ત્રીજા મહિને ફુગાવો હળવો થયો : હેવાલમાં દાવો

નયા પડકાર ઈન્ટરનેટ ઉપર વાંચવા માટે ક્લિક કરો
nayapadkar.in

# સિરિયામાં હુમલાની અસર હેઠળ શેરબજારમાં ઉતારચઢાવ રહી શકે

મુંબઈ,તા. ૧૫

શેરબજારમાં આવતી કાલથી શરૂ થતાં નવા કારોબારી સેશનમાં ઉતારચઢાવની સ્થિતિ જોવા મળી શકે છે. મધ્યપૂર્વના દેશોમાં તંગદિલીની અસર પણ જોવા મળી શકે છે. સિરિયા ઉપર અમેરિકા અને તેના સાથી દેશો દ્વારા કરવામાં આવેલા હવાઈ હુમલા બાદ તંગદિલીની અસર બજારમાં જોવા મળશે. આ ઉપરાંત ત્રિમાસિક ગાળાના પરિણામો સહિત ૮ પરિબળો આવતીકાલથી શરૂ થતાં નવા કારોબારી સેશનમાં દલાલ સ્ટ્રીટ પર અસર કરશે. શેરબજારમાં હાલ સારી સ્થિતિ જોવા મળી રહી છે. કારણ કે, સતત ત્રીજા સપ્તાહમાં તેજી જોવા મળી છે જે સંકેત આપે છે કે, ઉછાળો જારી રહી શકે છે. એક સપ્તાહમાં ૫૯૫ પોઈન્ટનો ઉછાળો સેંસેક્સમાં થતાં તેની સપાટી ૩૪૧૯૨ ઉપર પહોંચી હતી. જ્યારે નિફ્ટી ૧૩૯ પોઈન્ટ ઉછળીને ૧૦૪૮૦ની સપાટીએ રહ્યો હતો. સ્થાનિક માર્કેટમાં શુક્રવારના દિવસે સતત સાતમાં કારોબારી સેશનમાં તેજી જોવા મળી હતી. નવેમ્બર ૨૦૧૭ બાદથી અવિરત તેજી જારી રહી છે. ચાવીરૂપ હાઈલાઈટમાં લેમન ટ્રી હોટલની શેરબજારમાં એન્ટ્રી થઈ ગઈ છે. ઈન્ફોસીસ દ્વારા શુક્રવારના દિવસે નવા સીઈઓ સલીલ પારેખ હેઠળ સંપૂર્ણ ત્રિમાસિકગાળાના આંકડા જારી કરવામાં આવ્યા હતા. શેરબજારમાં અપેક્ષા મુજબ જ આ તમામ આંકડા રહ્યા છે. કર્ણાટકમાં વિધાનસભાની ચૂંટણીના પરિણામ ૧૨મી મેના દિવસે જાહેર કરવામાં આવનાર છે. કોર્પોરેટ કમાણીના આંકડા હવે જારી કરવામાં આવનાર છે. કેટલીક ઈન્ડેક્સ હેવીવેઈટ કંપનીઓ તેમના ત્રિમાસિક ગાળાના આંકડા જારી કરશે. એસીસી દ્વારા બુધવારના દિવસે તેના માર્ચ ત્રિમાસિક ગાળાના આંકડા જાહેર કરવામાં આવશે. આવી જ રીતે ઈન્ડસબેંક અને ટીસીએસ ગુરુવારના દિવસે પોતાના આંકડા જારી કરશે. જ્યારે ક્રિસિલ, એચડીએફસી લાઈફ, તાતા સ્પોન્જ, એચડીએફસી બેંક દ્વારા ૨૧મી એપ્રિલના દિવસે આંકડા જારી કરવામાં આવશે. અમેરિકા, બ્રિટન અને ફ્રાંસે સિરિયા સામે શનિવારના દિવસે ૧૦૦થી પણ વધારે મિસાઈલો ઝીંકી દેતા ફરી એકવાર તંગદિલી સર્જાઈ ગઈ છે અને નવેસરના યુદ્ધના સંકટના વાદળો દેખાઈ રહ્યા છે. ગયા સપ્તાહમાં રસાયણ હુમલા ડુમામાં કરવામાં આવ્યા હતા જેમાં ૮૦થી વધુના મોત થયા હતા અને ૧૦૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. આ રસાયણ હુમલા બાદ અમેરિકાએ હવાઈ હુમલાઓ બોધપાઠ ભણાવવાના હેતુસર કર્યા છે. ક્રૂડ ઓઈલની કિંમતમાં ફરી એકવાર વધારો થઈ શકે છે. વૈશ્વિક ઘટનાક્રમ વચ્ચે ક્રૂડની કિંમતો વધી શકે છે. માઈક્રો આંકડા પણ જારી કરવામાં આવનાર છે. આઈએમએફ અને વર્લ્ડ બેંકની બેઠકો આગામી સપ્તાહથી શરૂ થઈ રહી છે.

(અનુસંધાન પાન ૧નું ચાલુ)

**એસસી એક્ટ....**

શકે છે. લોકોમાં નારાજગીને તરત જ દૂર કરી શકાય છે. બીજી એપ્રિલના દિવસે દલિત સમુદાયના લોકોએ ભારત બંધની હાકલ કરી હતી. આ ગાળા દરમિયાન મોટા પાયે હિંસા ભડકી ઉઠી હતી. જેમાં ૧૩થી વધુ લોકોના મોત થયા હતા. ૨૦મી માર્ચના દિવસે સુપ્રીમ કોર્ટે આપેલા ચુકાદા સામેના વિરોધમાં દલિત સમુદાયના લોકોએ ભારત બંધની હાંકલ કરી હતી. ભારત બંધ દરમિયન રાજસથાન, મધ્યપ્રદેશ સહિતના રાજયોમાં વ્યાપક હિંસા થઈ હતી. દલિત સમુદાયના અધિકારોના રક્ષણ માટે સરકાર નિષ્ફળ રહી છે તેવા આક્ષેપો વિપક્ષ દ્વારા કરવામાં આવી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી શુક્રવારે પોતે કહી ચુક્યા છે કે, તેમની સરકાર એસસી અને એસટી પર અત્યાચારને રોકવા માટે સંપૂર્ણપણે કટિબદ્ધ છે. કોઈપણ જોગવાઈ નાબૂદ કરવામાં આવશે નહીં. મોદીએ એવી ખાતરી પણ આપી હતી કે, અમને મજબૂત કરવા માટે બનાવવામાં આવેલા કાયદાને સુપ્રીમ કોર્ટ દ્વારા અસર થાય તેવી કોઈ જોગવાઈને તક આપવામાં આવશે નહીં. બીજી બાજુસુત્રોનું કહેવું છે કે, હજુ સુધી કોઈ નિર્ણય કરવામાં આવ્યો નથી. સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય દ્વારા દાખલ કરવામાં આવેલી સમીક્ષા અરજી ઉપર સુનાવણીને લઈને હવે તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. સુપ્રીમ કોર્ટે ચુકાદામાં કહ્યું હતું કે, કોઈપણ પ્રકારના મામલામાં તરત ધરપકડ થઈ શકશે નહીં.

**પાકિસ્તાનમાં ભગ....**

બાદ ઘણા ટ્વીટર યૂઝર્સે આની નિંદા કરી હતી અને કીધુ કે જે લોકોએ આ કૃત્ય કર્યું છે તેમની સામે કડક પગલા લેવામાં આવે. મામલાની ગંભીરતાને જોઈને પાકિસ્તાન સંસદે તપાસના આદેશ આપી દીધા છે. નેશનલ એમ્બેસી ઓફ પાકિસ્તાનના સ્પીકરે ગૃહ મંત્રીને આ મામલા પર રીપોર્ટ પણ આપી દીધી છે.

**પાકિસ્તાને બાબર...**

અચૂક નિશાનો લગાવવા માટે સક્ષમ છે. પાકિસ્તાની સેના ધ્વારા દાવો કરવામાં આવ્યો છે કે જીપીએસ નેવિગેશન વગર પણ આ મિસાઈલ અચૂક નિશાનો લગાવવા માટે સક્ષમ છે.

આ મિસાઈલ પરીક્ષણ દરમિયાન પાકિસ્તાન સામરિક યોજના પ્રભાગ મહાનિર્દેશક, વિજ્ઞાનિક, એન્જિનિયર અને સેનાના વરિષ્ટ અધિકારીઓ હાજર હતા.

**કોમનવેલ્થમાં.......**

મીરાબાઈ ચાનુ, સંજીતા ચાનુએ ભારતને ગોલ્ડ અપાવ્યા હતા. જ્યારે પૂનમ યાદવે પણ ગોલ્ડ જીતવામાં સફળતા મેળવી હતી. બેડમિંટનમાં પણ ભારતે કુલ ૭ ચંદ્રક જીત્યા છે. ભારતે મિક્સ્ડ ટીમ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીતવાની સાથે સાથે મહિલા સિંગલ્સમાં ગોલ્ડ અને સિલ્વર બંને જીત્યા હતા. મહિલા સિંગલ્સ ફાઈનલમાં સાઈના નેહવાલે ભારતની જ પીવી સંધુ ઉપર જીત મેળવી હતી. પુરુષોના સિંગલ્સમાં ભારતના કિદાંબી શ્રીકાંતને ફાઈનલમાં ઓલિમ્પિક સિલ્વર મેડાલિસ્ટ મલેશિયાના લી ચેંગ સામે હારનો સામનો કરવો પડ્યો હતો. જો કે, ભારતીય ટીમનો દેખાવ ધરખમ રહ્યો હતો. ટેબલ ટેનિસમાં ભારતીય મહિલા અને પુરુષ ટીમે ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો છે. મહિલા સિંગલ્સમાં મનિકા બત્રાએ ગોલ્ડ મેડલ અને પુરુષ ડબલ્સ અને મહિલા ડબલ્સમાં ભારતને સિલ્વર મેડલ મળ્યા હતા. બોક્સિંગમાં ભારતે નવ ચંદ્રક જીત્યા હતા જેમાં ત્રણ ગોલ્ડ, ત્રણ સીલ્વર અને ત્રણ બ્રોન્ઝનો સમાવેશ થાય છે. મેરી કોમે ગોલ્ડ જીતીને સાબિતી આપી હતી કે, વયની તેના ઉપર કોઈ અસર દેખાઈ રહી નથી. એથ્લેટિક્સમાં પણ ભારતને ત્રણ ચંદ્રક મળ્યા હતા. હોકીમાં ભારતીય ટીમનો દેખાવ નિરાશાજનક રહ્યો હતો. પુરુષ અને મહિલા બંને ટીમો બ્રોન્ઝ મેડલની સ્પર્ધામા હારી ગઈ હતી. આજે બેડમિંટનમાં ફાઈનલ મેચમાં સાયનાએ સિંધુ ઉપર જીત મેળવી હતી.

**સેનાના કમાન્ડરોની.....**

માળખા, વ્યૂહાત્મક રેલવે લાઈનની સમીક્ષા, વિસ્ફોટકોની જરૂરીયાતનો સમાવેશ થાય છે. બેઠકમાં મુખ્યરીતે ભાર ચીન સાથે જોડાયેલી આશરે ૪૦૦૦ કિલોમીટર લાંબી સરહદ ઉપર ભૂમિ સેનાની સંપૂર્ણ સંચાલન તૈયારીઓની સમીક્ષાનો સમાવેશ થાય છે. ગયા વર્ષે ડોકલામમાં ૭૩ દિવસ સુધી ભારત અને ચીનના સૈનિકો આમને સામને રહ્યા હતા. ભારતે ડોકલામ ગતિરોધ બાદ ચીન સાથે જોડાયેલી સરહદ ઉપર સૈનિકો તૈનાત કરી દીધા છે. પેટ્રોલિંગની પ્રવૃત્તિ પણ વધારી દીધી છે. કર્નલ આનંદે કહ્યું છે કે, બીઆરઓ દ્વારા અમલી કરવામાં આવી રહેલી યોજનાઓના મુદ્દા ઉપર પણ ચર્ચા થશે.

**રાજદ્વારીઓને.....**

શ્રદ્ધાળુઓને મળવા અને તેમની પાસેથી કોઈ મદદ લેવા પર પ્રતિબંધ મુકી દીધો છે. વિદેશ મંત્રાલયે આજે લાલઆંખ કરીને કહ્યું હતું કે, પાકિસ્તાનનું આ કૃત્ય કોઈ કિંમતે ચલાવી લેવાશે નહીં. વિદેશ મંત્રાલયે પત્રકાર પરિષદ યોજીને આ અંગેની માહિતી આજે આપી હતી. અત્રે નોંધનીય છે કે, આ પહેલા રાજદ્વારીઓની પાકિસ્તાનના ક્લબમાં પ્રવેશને લઈને પણ વિવાદ થયો હતો. વિદેશ મંત્રાલયનું કહેવું છે કે, આ એક સામાન્ય પ્રક્રિયા છે કે ભારતીય રાજદ્વારીઓને ભારતથી આવનાર સીખ શ્રદ્ધાળુઓને ધાર્મિક સ્થળ ઉપર લઈ જવા અને તેમની સાથે સંપર્ક રાખવાની છુટ હોય છે. કાઉન્સિલર અને પ્રોટોકોલ સાથે જોડાયેલી ફરજોને અદા કરવા માટે ભારતીય દૂતાવાસના અધિકારીઓને આ છુટછાટ આપવામાં આવે છે. આ છુટછાટનો મુખ્ય ઉદેશ્ય મેડિકલ ઈમરજન્સી અથવા તો અન્ય કોઈપણ પ્રકારની મુશ્કેલ સ્થિતિમાં એકબીજાને મદદ કરવાનો હોય છે. ૧૮૦૦ સીખ શ્રદ્ધાળુઓ ગુરુવારના દિવસે પાકિસ્તાન ગયા હતા. આ શ્રદ્ધાળુઓ બેશાખી પર્વની ઉજવણી કરવા માટે રાવલપિંડીના ગુરુદ્વારા પંજાસાહેબમાં પહોંચ્યા હતા. જેને સીખ ધર્મમાં ખાસ સ્થાન આપવામાં આવ્યું છે. ભારતીય કાઉન્સિલરોને પાકિસ્તાનમાં સીખ તીર્થ યાત્રીઓને મળવાની મંજુરી મળી ન હતી. તેમને જરૂરી પ્રોટોકોલ ફરજ અદા કરવાની મંજુરી પણ આપવામાં આવી ન હતી. આને લઈને ભારતે આજે લાલઆંખ કરી હતી. વિદેશ મંત્રાલયના કહેવા મુજબ ભારતીય ટીમ સીખ યાત્રીઓની સાથે વાઘા રેલવે સ્ટેશન પર ૧૨મી એપ્રિલના દિવસે પહોંચ્યા બાદ તેમને મળવા દેવામાં આવી ન હતી. ૧૪મી એપ્રિલના દિવસે ભારતીય યાત્રીઓની સાથે પાકિસ્તાનમાં સ્થિત ભારતીય રાજદ્વારીઓ અને દૂતાવાસના અધિકારીઓની મિટિંગ નક્કી કરવામાં આવી હતી પરંતુ છેલ્લી ઘડીએ પાકિસ્તાને આ મિટિંગને મંજુરી આપી ન હતી.

વિદેશ મંત્રાલય તરફથી જારી કરવામાં આવેલા નિવેદનમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, ભારતીય રાજદ્વારી અજય બિસેરિયાની ગાડી જ્યારે ગુરુદ્વારા તરફ જઈ રહી હતી ત્યારે તેમને વચ્ચેથી જ સુરક્ષા કારણો ટાંકીને પરત મોકલી દેવામાં આવ્યા હતા. પાકિસ્તાને ભારતીય રાજદ્વારીઓની સાથે સતત ખરાબ વર્તન કર્યું છે. રાજદ્વારીઓની સાથે ખરાબ વર્તનને કોઈ કિંમતે ચલાવી લેવાઈ નહીં. પાકિસ્તાને એમ કરીને વિયેના સમજૂતિ ૧૯૬૧નો ભંગ કર્યો છે.

**કઠુઆ ગેંગરેપમાં......**

મુફતીએ કઠુઆ મામલામાં મુખ્ય ન્યાયાધીશને પણ ફાસ્ટ ટ્રેક કોર્ટ શરૂ કરવાનો અનુરોધ કર્યો હતો. આ જમ્મુ-કાશ્મીરમાં પહેલી ફાસ્ટ ટ્રેક કોર્ટ હશે.

૧૦ જાન્યુઆરીના રોજ જમ્મુ કાશ્મીરના લસાણા ગામમાંથી બાળકી ગૂમ થઈ હતી. ગૂમ થયા પછી ૭ દિવસે તેનો મૃતદેહ જંગલમાંથી મળ્યો હતો. સરકારે આ મામલો ૨૩ જાન્યુઆરીના રોજ ક્રાઈમ બ્રાન્ચને સોંપ્યો હતો. જે પછી આ કેસમાં એસપીઓની ધરપકડ થઈ.

અત્યાર સુધી આ કેસમાં લગભગ ૮ લોકોની ધરપકડ થઈ છે. આમાં ૨ સ્પેશિયલ પોલીસ ઓફિસર, એક હેડ કોન્સટેબલ, એક સબ ઈન્સપેક્ટર, એક કઠુઆ નિવાસી અને એક સગીર સામેલ છે. ચાર્જસીટ પ્રમાણે બાળકીને જાન્યુઆરીમાં એક સપ્તાહ સુધી કઠુઆ જિલ્લા સ્થિત એક ગામના મંદિરમાં બંધક બનાવીને રાખવામાં આવી હતી. તેની સાથે ૬ લોકોએ બળાત્કાર કર્યો હતો.

ચાર્જશીટમાં જણાવવામાં આવ્યું કે બાળકીને નશીલી દવાઓ આપીને સતત તેની પર રેપ કરવામાં આવ્યો છે. એક આરોપીએ પોતાના પિતરાઈ ભાઈને મેરઠથી ફોન કરીને બોલાવ્યો એટલે એ પણ રેપ કરી શકે. એટલું જ નહીં હત્યા કરતાં પહેલા પણ એકવાર તેની પર રેપ કરવામાં આવ્યો.

**અમેરિકામાં બરફ......**

અમુક હાઈવે બંધ કરી દીધા હતા. નેશનલ વેધર સર્વિસના જણાવ્યા અનુસાર, સાઉથ મિનેસોટા સહિતા મિનેપોલીસ, સેન્ટ પોલમાં આજે ૨૦ ઈંચ જેટલી બરફવર્ષા થશે. આ સિવાય આજે રવિવારે યુએસના મિનેસોટા, વિસ્કોસિન અને મિશગન સહિત ન્યૂયોર્ક સ્ટેટ અને ન્યૂ ઈંગ્લેન્ડમાં પણ ભારેથી અતિભારે બરફવર્ષા અને વાવાઝોડાંની શક્યતાઓ છે. વાવાઝોડાં અને વરસાદના કારણે સેન્ટ્રલ યુએસમાં અત્યાર સુધી ૩ લોકોનાં મોત થયા છે. જ્યારે મુખ્ય હાઈવે પર અકસ્માતોની હારમાળા સર્જાઈ હતી.

## આજનું પંચાંગ

સોમવાર, તા. ૧૬-૪-૨૦૧૮

| | |
|---|---|
| સંવત | : ૨૦૭૪ |
| શકે | : ૧૯૪૦ |
| માસ | : ચૈત્ર |
| તિથી | : વદ અમાસ |
| નક્ષત્ર | : અશ્વિન |
| યોગ | : વિષ્કુંભ |
| કરણ | : કિંસ્તુઘ્ન |
| ચંદ્રરાશિ | : મેષ |
| સૂર્યોદય | : ૦૬.૨૦ |
| સૂર્યાસ્ત | : ૧૮.૫૮ |

એકમનો ક્ષય, આજે જન્મેલ બાળકની મેષ રાશિ પર નામ પાડવું.

જ્યોતિષી કનુપ્રસાદ વિ. ઠાકર
(મેડલ ઓફ મેરીટ-ગોલ્ડ મેડાલીસ્ટ)
જ્યોતિષ કાર્યાલય
મા કૃપા, ૧૦, આર.કે. નગર સોસાયટી, ચિનાર-ગુલનાર પાસે, આણંદ. ફોન : (૦૨૬૯૨) ૨૪૯૮૫૫

## આપની આજ

સોમવાર, તા. ૧૬-૪-૨૦૧૮

| | |
|---|---|
| મેષ | વેપાર ધંધામાં પ્રગતિ |
| વૃષભ | ધંધાકીયલાભ મધ્યમ |
| મિથુન | આરોગ્યે નરમ ગરમ |
| કર્ક | શુભ કાર્યનો યોગ |
| સિંહ | ધીરજના ફળ મીઠાં |
| કન્યા | પ્રવાસનો યોગ બને |
| તુલા | આશામાં વેગ મળે |
| વૃશ્ચિક | ધાર્મિક ભાવના વધશે |
| ધન | કુટુંબિક આનંદ જણાય |
| મકર | ધારેલ કામો પાર પડે |
| કુંભ | મનોરથો પાર પડશે |
| મીન | આરોગ્ય સામાન્ય રહે |

જ્યોતિષી કનુપ્રસાદ વિ. ઠાકર
(મેડલ ઓફ મેરીટ-ગોલ્ડ મેડાલીસ્ટ)
જ્યોતિષ કાર્યાલય
મા કૃપા, ૧૦, આર.કે. નગર સોસાયટી, ચિનાર-ગુલનાર પાસે, આણંદ. ફોન : (૦૨૬૯૨) ૨૪૯૮૫૫

(અનુસંધાન પાન ૮નું ચાલુ)

**બોરસદ મામલતદારને...**

માટેના રસ્તાની ન્યાયિક માગણી કાગળોની ફાઈલમાં અટકી છે. વહીવટી તંત્ર કહે છે દાંડી માર્ગ છે. દિલ્હીથી પરવાનગી લાવો તો મામલતદાર કહે છે કે વાસદ ચોકડી સુધીમાં ૮ જગ્યાએ ડીવાઈડર વચ્ચે જગ્યા છોડીને રસ્તો બનાવ્યો છે તેની પરવાનગી બતાવો.

છેલ્લે તોડ એવો પણ થયો કે સેવાસદન પાસે બન્ને બાજુ નાના બમ્પ મુકવામાં આવે જેથી કંઈક સમસ્યા હલ થાય ત્યારે પીડબલ્યુડી નવો કાયદો લાવ્યો કે હાઈવે ઉપર બમ્પ ના થાય. મામલતદાર કહે છે કે સુર્યમંદિર, જૈન દેરાસર પાસે બમ્પ થયા તે કયા કાયદાથી થયા? આમ મામલતદારને પણ રસ્તાનો ન્યાય નથી મળતો ત્યારે હવે અન્ય કોઈના ન્યાયની વાત કરવી સરળ નથી.

**ઓર્ગન ડોનેશન...**

કિડની, ૯૯ લિવર અને ૬ પેન્ક્રિયાસ, ૧૭ હૃદય અને ૨૦૮ જેટલું ચક્ષુદાન મેળવી રાજ્ય અને દેશમાં તેમજ વિદેશમાં કુલ ૫૭૨ વ્યક્તિઓને નવજીવન આપ્યું છે. જેના થકી આણંદ અને બોરસદ, એક એક વ્યક્તિને આ સંસ્થાના માધ્યમ થકી નવજીવન મળ્યું છે. આ પ્રસંગે ડોનેટ લાઈફ સંસ્થાના સ્થાપક નિલેશ માંડલેવાલાએ જણાવ્યું હતું કે મૃત્યુ બાદ દરેક શરીર ધાર્મિક વિધી મુજબ નષ્ટ થાય છે. આત્મા અમર છે. એટલે અંગદાન દ્વારા અન્ય વ્યક્તિને જીવન મળે તે માટે આપણે સૌએ વિચારવું જોઈએ. આજે દેશમાં દોઢ લાખ ઉપરાંત લોકો અકસ્માતમાં બ્રેનડેડ થાય છે. ત્યારે આવા સંજોગોમાં બ્રેનડેડ વ્યકિતના અવયવો કિડની, લિવર, હૃદય, આંખો જેવા અવયવના દાનથી અન્ય એવા મૃત્યુના દ્વારે ઉભેલા વ્યક્તિના જીવનને બચાવી શકે છે. એક વ્યકિતના દાનથી અનેકોના જીવ બચે છે. વધુમાં આજે દર વર્ષે પાંચ લાખ લોકો અંગદાન ન મળવાથી મરે છે. જો કે તેમણે બ્રેનડેડ વ્યક્તિની ઓળખ આપતાં જણાવ્યું હતું કે ડોક્ટર દ્વારા જે વ્યક્તિનો ઓપનીયા ટેસ્ટ પોઝીટીવ આવે એવું બે થી ત્રણ વખત ટેસ્ટ કરાય ત્યારબાદ આ પ્રક્રિયા હાથ ધરાય અને અંગદાન થઈ શકે જેમાં બાળકોના ઓર્ગન બહુ ઓછા કરાય છે. ઉંમરલાયક વ્યક્તિના ઓર્ગન જલ્દીથી કામ લાગી શકે છે.

આજે આણંદ શહેર ખાતે ડોનેટ લાઈફ સંસ્થાની બ્રાન્ચને કાર્યરત કરવાના ભાગરૂપે વિદ્યાનગર એલીકોન હોલ ખાતે એક જનજાગૃતિનો કાર્યક્રમ યોજી તેની વિસ્તારથી માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે સંત વલ્લભ સ્વામી (વડતાલ સ્વામીનારાયણ મંદીર), દિલીપભાઈ દેસાઈ (અનુપમ મિશન) તેમજ આણંદ બ્રાંચના સહયોગી એવા રાજુભાઈ રામચંદ્ર પટેલ (ડોલ્ફીન વોચ, આણંદ) તથા પ્રકાશભાઈ પટેલ, દિલીપભાઈ પટેલ, શૈલેષભાઈ પટેલ, હિતેશભાઈ પટેલ, સુનિલભાઈ શાહ, શૈલેષભાઈ રાજેન્દ્રભાઈ, મિતેશભાઈ, મધુરભાઈ પટેલ સહિતના અગ્રણીઓ દ્વારા આગામી દિવસોમાં આણંદ શહેર ખાતે ડોનેટ લાઈફ સંસ્થાને કાર્યવંતી કરાશે અને જનજાગૃકતા હેઠળ અન્યના જીવનને નવજીવન આપવાનું કામ કરશે. આ પ્રસંગે કાર્યક્રમમાં જુદા જુદા ડોનરના ઈન્ટરવ્યુ તેમજ ઓર્ગનની વ્યાખ્યા અને ટીમની કામગીરી તથા સંસ્થાએ સફળ કરેલા ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ આંકડા અને વાર્ષિક માહિતી જેવા અનેક ચલચિત્રો સાથે માહિતી અને માર્ગદર્શનોની જીવંત ઉપયોગી માહિતી પુરી પાડી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં પ્રકાશભાઈ પટેલે (ઓડ) સ્વાગત પ્રવચન કરી ઉપસ્થિત તમામ મહેમાનોને આવકારી આગામી દિવસોમાં ડોનેટ લાઈફ સંસ્થા ખૂબ સક્રિયતાથી કામ કરી લોકોને અંગદાન કરવા માટે જાગૃત કરવામાં આવશે.

કાર્યક્રમ દરમ્યાન ચમોસ લે.પાટીદાર સમાજ માતૃસંસ્થાના પ્રમુખ નગીનભાઈ પટેલ, ઉપપ્રમુખ નવનીતભાઈ પટેલ, કિરણભાઈ પટેલ (કમ્ફી), સિન્ડીકેટ સભ્ય મિતેષભાઈ પટેલ (બકાભાઈ વાસદ), વિષ્ણુભાઈ પટેલ (મહેળાવ/યુ.એસ.એ.) સહીત મોટી સંખ્યામાં આણંદ-વિદ્યાનગરના શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમને અંતે સુનિલભાઈ શાહે આભારવિધી કરી હતી.

**વડતાલ સ્વામિનારા...**

વ્યક્તિમાં ઈશ્વરના દર્શન કરીને કરજો. આ કાર્ય માનવતાનું છે, વડતાલ ધામનું છે. આપણા કાર્યો જ આપણને મહાન બનાવે છે. અહીં વિના મૂલ્યે હોસ્પીટલ, ભોજનાલય સહીતની સેવાઓ ચાલે છે તેના પાયામાં ભગવાન સ્વામિનારાયણે લખેલ શિક્ષાપત્રી છે.

જ્યારે વડતાલ ગાદીના આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજે સેવામાં જોડાયેલ સ્વયંસેવકોને આશીર્વાદ પાઠવ્યા હતા.

આ સમગ્ર વ્યવસ્થા સુધીરભાઈ બ્રહ્મભટ્ટ તેમજ હરીભકતોના સહયોગથી શ્યામ સ્વામીના માર્ગદર્શનમાં મંદિરના સ્વયંસેવકો દ્વારા વડતાલ, કેરીયાવી, મુજપુરા, પીપળાતા, તારાપુર, નડીયાદ, બાંધણી, પેટલાદ, વિદ્યાનગર, આણંદ, ખંભાત, મેઘવા, વાંસખીલીયા, કણજરી, ઉત્તરસંડા તેમજ ચકલાસીમાં સેવા પુરી પાડવામાં આવી હતી.